ISSN: 2319-202X

# ગુણોત્સવ–૭ ના ઓન લાઈન પ્રાપ્ત પરિણામનો વિશ્લેષણાત્મક અભ્યાસ

**ડૉ. યોગેશ.કે પટેલ**
પ્રાચાર્ય, ડાયેટ – નવસારી
Mo. 98258 43179 Email:- yog201169@gmail.com

શિક્ષણમાં ગુણવત્તા મેળવવાના ભાગ સ્વરૂપે ગુજરાત રાજયના શિક્ષણ વિભાગે વર્ષ ૨૦૦૯ થી ગુજરાત રાજયના પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ગુણોત્સવ કાર્યક્રમ અમલમાં મૂકયો. આ કાર્યક્રમ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા અભિવૃદ્ધિને કેન્દ્રસ્થાને રાખી રાજય સરકારના જુદાં- જુદાં વિભાગના અધિકારીઓ, પદાધિકારીઓ, જિલ્લાના અધિકારીઓ, કોલેજના અધ્યાપકો , જિલ્લા કક્ષાના શિક્ષણનું વહિવટી માળખું વગેરેના સહિયારા પ્રયાસથી સમગ્ર રાજયમાં ત્રણ દિવસ દરમિયાન શાળાનું શૈક્ષણિક મૂલ્યાંકન અને સહ શૈક્ષણિક મૂલ્યાંકન બાહય મૂલ્યાંકનકાર તેમજ સ્વમૂલ્યાંકનકાર દ્વારા કરવામાં આવે છે. જેમાં મુખ્ય ત્રણ બાબતો –વિદ્યાર્થીઓની શૈક્ષણિક ઉપલબ્ધિ , શાળાની સહ–અભ્યાસ પ્રવૃતિઓ અને સંસાધનોના ઉપયોગનો સમાવેશ થાય છે.–વિદ્યાર્થીઓની શૈક્ષણિક ઉપલબ્ધિનું મૂલ્યાંકન ધોરણ ૨ થી ૫ નાં બાળકોનું વાચન , ગણન અને લેખન આધારિત કરવામાં આવે છે , જયારે ધોરણ ૬ થી ૮માં વિષયવસ્તું સંબંધિત કસોટી દ્વારા કરવામાં આવે છે. સહ–અભ્યાસ પ્રવૃતિઓના મૂલ્યાંકનમાં પ્રાર્થના , યોગ –વ્યાયામ – અને રમતગમત , પ્રોજેકટ, બાલમેળો, ઈકોકલબ, શાળા પુસ્તકાલય, સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને બાલસભા આધારિત કરવામાં આવે છે. જયારે સંસાધનોના ઉપયોગમાં પાઠયપુસ્તકો અને મૂલ્યાંકન ,મધ્યાહ્ન ભોજન યોજના , પાણી અને શૌચાલય, કોમ્પ્યુટર ઉપયોગ, લોકભાગીદારી તથા શાળાના ઓરડા – પ્રવાસ – બાળકોની હાજરી – વર્ગખંડમાં તાલીમનો ઉપયોગ વગેરે બાબતોને ધ્યાને રાખવામાં આવે છે. ગુજરાત રાજયમાં પ્રથમ ગુણોત્સવ વર્ષ ૨૦૦૯ માં થયો ત્યાર બાદ વર્ષ ૨૦૧૦ માં ગુણોત્સવ–૨ , વર્ષ ૨૦૧૧ માં ગુણોત્સવ–૩ , વર્ષ ૨૦૧૩ માં ગુણોત્સવ–૪ , વર્ષ ૨૦૧૪ માં ગુણોત્સવ–૫ , વર્ષ ૨૦૧૫ માં ગુણોત્સવ –૬ , વર્ષ ૨૦૧૬ માં ગુણોત્સવ –૭ અને વર્ષ ૨૦૧૮ માં ગુણોત્સવ –૮ આમ અત્યાર સુધીમાં કુલ આઠ ગુણોત્સવ ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં થયા છે. ગુણોત્સવ–૪ વર્ષ ૨૦૧૩–૧૪થી કાર્યક્રમને વધુ સંગીન બનાવવા ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમથી દરેક બાળકનું વ્યકિતગત માર્કિંગ થાય તે રીતે યુનિક આઈ.ડી આપી મૂલ્યાંકન કરવામાં આવે છે. જે ગુણાંકન શાળાઓનું થાય છે તે સંપૂર્ણ પણે ઓન લાઈન મુકવામાં આવે છે, જે પ્રાપ્ત પરિણામનો વિશ્લેષણાત્મક અભ્યાસ હાથ ધરી તેનો ઉપયોગ અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં મદદરૂપ થાય તે હેતુસર આ અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો.

ISSN: 2319-202X

**શીર્ષક :** ગુણોત્સવ–૭ ના ઓન લાઇન પ્રાપ્ત પરિણામનો વિશ્લેષણાત્મક અભ્યાસ

**હેતુઓ :**

૧. ગુણોત્સવ — ૭ ના ઓનલાઇન પ્રાપ્ત પરિણામનું સર્વેક્ષણ કરવું.

૨. ગુણોત્સવ — ૭ ના ઓનલાઇન પ્રાપ્ત પરિણામનું વિષયવાર અને કલમવાર વિશ્લેષણ કરી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક નિદાન કરવું.

૩. પરિણામના વિશ્લેષણ આધારે થયેલ નિદાન મુજબ અધ્યયન – અધ્યાપન કાર્ય નિર્દેશ કરવો.

**વ્યાપવિશ્વ અને નમૂનોઃ**

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા, વલસાડના ધોરણ–૭માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને લેવામાં આવેલ હતા, જયારે નમૂના તરીકે પણ આ શાળાના ધોરણ–૭માં અભ્યાસ કરતા ૩૨ જેટલા તમામ વિદ્યાર્થીઓને લેવામાં આવેલ હતા. અહીં વ્યાપવિશ્વને જ નમૂના તરીકે પસંદ કરેલ છે.

**ઉપકરણઃ**

પ્રસ્તુત અભ્યાસમાં ઉપકરણ તરીકે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય દ્વારા ગુણોત્સવ– ૭ (૨૦૧૬) ના મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીદીઠ અને વિષયવાર ઓન લાઇન મૂકેલ પરિણામનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

**સંશોધન પદ્ધતિ :** સર્વેક્ષણ

**માહિતી પૃથકકરણની રીતઃ** કલમ પૃથકકરણ

**સીમાંકન :**

પ્રસ્તુત અભ્યાસ માટે નમૂના પસંદગી તરીકે માત્ર એક શાળા ( સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા, વલસાડ ) ના માત્ર એક ધોરણ ( ધોરણ —૭ ) ના વર્ષ ૨૦૧૬–૧૭ માં અભ્યાસ કરતા ૩૨ વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવેલ હતો.

**તારણો :**

૧. સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓના સરાસરી પ્રાપ્તાંક વાચનમાં ૮.૫૯ (૮૫.૯૦% ) , લેખનમાં ૮.૪૯ ( ૮૪.૯૦ %) અને ગણનમાં ૭.૮૬ (૭૮.૬૦ % ) જોવા મળેલ છે. આ પ્રાપ્ત પરિણામ બી.આર.સી , જિલ્લા અને રાજય કરતા ઊંચુ જોવા મળેલ હતું.

૨. સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓના સરાસરી પ્રાપ્તાંકનું કલમ પ્રમાણે પૃથકકરણ કરતા ગણનમાં દાખલા ક્રમાંક — ૫ માં ભાગાકારનું પરિણામ ૦.૮૯ ( ૪૪.૫ % ) જોવા મળેલ હતું. જે બી.આર.સી , જિલ્લા અને રાજય કરતા નીચુ જોવા મળેલ હતું.

૩. સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓના સરાસરી પ્રાપ્તાંક ગુજરાતી વિષયમાં ૭.૩૮ (૭૩.૮૦ % ) જોવા મળેલ છે. આ પ્રાપ્ત પરિણામ બી.આર.સી , જિલ્લા અને રાજય કરતા ઊંચુ જોવા મળેલ હતું.

૪. ગુજરાતી વિષયમાં કલમ નંબર ૮ ની સરાસરી ૧૪.૦૦ ( ૪૩.૭૫ % ) જોવા મળે છે. જે અનુક્રમે ૨,૫,૬,૭,૯,૧૦,૧૨,૧૫,૧૭,૧૯,૨૦,૨૧,૨૨,૨૩,૨૪,૨૫, ૨૭,૨૮ નંબરના વિદ્યાર્થીના જવાબ ખોટા પડેલ છે, જેમના માટે ઉપચારાત્મક શિક્ષણ હાથ ધરવું જોઇએ.

૫. સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓના સરાસરી પ્રાપ્તાંક સામાજિક વિજ્ઞાન વિષયમાં ૫.૫૧ (૫૫.૧ % ) જોવા મળેલ છે. આ પ્રાપ્ત પરિણામ બી.આર.સી , જિલ્લા અને રાજય કરતા ઊંચુ જોવા મળેલ હતું.

૬. સામાજિક વિજ્ઞાન વિષયમાં કલમ નંબર ૧,૨,૬,૭,૮,૧૧,૧૨,૧૩ ની સરાસરી ૫૦ % થી ઓછી જોવા મળે છે. જે અનુક્રમે ૨,૫,૬,૭,૯,૧૦,૧૨,૧૫, ૧૭,૧૯,૨૦,૨૧,૨૨,૨૩,૨૫,૨૭,૨૮ નંબરના વિદ્યાર્થીના જવાબ ખોટા પડેલ છે, જેમના માટે ઉપચારાત્મક શિક્ષણ હાથ ધરવું જોઇએ.

૭. સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓના સરાસરી પ્રાપ્તાંક વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં ૬.૧૪ (૬૧.૪૦ % ) જોવા મળેલ છે. આ પ્રાપ્ત પરિણામ બી.આર.સી , જિલ્લા અને રાજય કરતા ઊંચુ જોવા મળેલ હતું.

૮. વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં કલમ નંબર ૧,૩,૪,૫,૧૧,૧૨, ની સરાસરી ૫૦ % થી ઓછી જોવા મળે છે. જે અનુક્રમે ૨,૫,૬,૭,૯,૧૦,૧૨,૧૫,૧૭, ૧૯,૨૦,૨૧,૨૨,૨૩,૨૫,૨૬ નંબરના વિદ્યાર્થીના જવાબ ખોટા પડેલ છે, જેમના માટે ઉપચારાત્મક શિક્ષણ હાથ ધરવું જોઇએ.

**ભલામણો :**

૧. જે તે વિષયમાં નબળી સિદ્દિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્ય કરી પરિણામ સુધારી શકાય.

૨. શાળા કક્ષાએ યોજાતી અન્ય કસોટીમાં પણ કલમ / પ્રશ્ન પૃથકકરણ કરી નિદાન અને ઉપચાર કાર્ય કરી શકાય.

**સંદર્ભ સૂચિ :**

શિક્ષણ વિભાગ (૨૦૧૬) ગુણોત્સવ માર્ગદર્શિકા, ગુજરાત રાજય

ડી.એ.ઉચાટ (૨૦૧૨) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ઘતિશાત્ર,પારસ પ્રકાશન, રાજકોટ

ડી.બી.શાહ (૨૦૧૨) શૈક્ષણિક સંશોધન : સારસંગ્રહ, પ્રમુખ પ્રકાશન, અમદાવાદ